# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સ્વપ્ન સૃષ્ટિ એપાર્ટમેન્ટ નજીક, જીઆવ-બુડિયા રોડ, ભેસ્તાન, સુરત

📞: 0261-2995466 ✉: dietsurat@gmail.com

સત્યમેવ જયતે

જા.નં :ડાયટ/સુરત/NAS /૨૦૨૪ /9194-9392

તા. 19/10/2024

પ્રતિ,

આચાર્યશ્રી,

સરકારી/ગ્રાન્ટ ઈન એઈડ/ખાનગી/સેન્ટ્રલ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તમામ

સુરત જી.સુરત

વિષય:- પરખ– રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ (NAS- National Achievement Survey) મોક ટેસ્ટ આયોજન બાબત

સંદર્ભ: 1)સ્ટેટ લેવલ કો.ઓ. પરખ ૨૦૨૪ નિયામકશ્રી, જીસીઇઆરટી , ગાંધીનગરનો પત્ર ક્રમાંક: જીસીઇઆરટી/NAS ૨૦૨૪/ ૨૩૭૯૬-૯૧૦

2) સ્ટેટ લેવલ કો.ઓ. પરખ ૨૦૨૪ નિયામકશ્રી, જીસીઇઆરટી , ગાંધીનગરનો પત્ર ક્રમાંક: જીસીઇઆરટી/NAS ૨૦૨૪/૨૦૨૪-૨૫/ ૨૩૯૧૧

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, પરખ-રાષ્ટ્રીય સર્વેક્ષણ ૨૦૨૪ (NAS- National Achievement Survey) ૪ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ ધોરણ ૩,૬ અને ધોરણ ૯ માં પસંદ થનાર સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ , ખાનગી શાળાઅને સેન્ટ્રલ શાળાઓમાં યોજવામાં આવનાર છે.

આ સર્વેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણનાં વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય ( Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિનાં શૈક્ષણિક ફલીતાર્થે મળે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની નીતિ અથવા યોજના બનાવવા ખૂબ જ ઉપયોગી બને છે. જેથી તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપી શકાય છે.

આ સાથે સામેલ જીસીઇઆરટી, ગાંધીનગરનાં સંદર્ભ( ૧) અને (૨)માં આપેલ સુચના મુજબ મોક ટેસ્ટ માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

| શાસનાધિકારી | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | જિલ્લા શિક્ષણાધિકારી | પ્રાચાર્ય |
|---|---|---|---|
| શાસનાધિકારીની કચેરી, | જિલ્લા પંચાયત, | જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી | જિ. શિ. તા. ભવન, |
| સુરત | સુરત | સુરત | સુરત |

બિડાણ- સંદર્ભ પત્રો

<u>નકલ રવાના જાણ તથા સમાન કાર્યવાહી કરવા સારૂ....</u>

- બી.આર.સી./યૂ.આર.સી. તમામ
- વ.અધિકારીશ્રી/કન્વીનરશ્રી/એસ.વી.એસ.તમામ

<u>સવિનય નકલ રવાના,</u>

-સચિવશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર

Scanned with OKEN Scanner

સત્યમેવ જયતે

નિયામક

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/ NAS- 2024/23796-910
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 17 OCT 2024

પ્રતિ,
પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
શાસનાધિકારીશ્રી
તમામ, ગુજરાત રાજ્ય

**વિષય: પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ - 2024 (NAS- National Achievement Survey) મોક ટેસ્ટ આયોજન બાબત.**

શ્રીમાન,

પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024 ના રોજ ધોરણ 3,6 અને ધોરણ 9 માં પસંદ થનાર સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓમાં યોજવામાં આવનાર છે.

આ સર્વેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય (Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના શૈક્ષણિક ફલિતાર્થ મળે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની નીતિ અથવા યોજના બનાવવા ખૂબ જ ઉપયોગી બને છે. જેથી તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપી શકાય છે.

4 ડિસેમ્બર, 2024માં યોજાનાર NAS ના કસોટીપત્રોનો મહાવરો મળી રહે તે હેતુસર અત્રેની કચેરી દ્વારા GCERT ની વેબસાઈટ પર પ્રશ્નબેંક મુકવામાં આવેલ છે તેમજ BISAGના પ્રસારણ માધ્યમથી વિવિધ પ્રશ્નોનો મહાવરો કરાવવામાં આવેલ છે. ઉપરાંત વધુ તૈયારી થઇ શકે તે માટે મોક ટેસ્ટનું આયોજન કરેલ છે. જેનું નીચે મુજબ આયોજન કરવામાં આવેલ છે. વિષય અને ધોરણ મુજબ નીચે પ્રમાણે પ્રશ્નોની સંખ્યા રાખવામાં આવેલ છે.

| | ધોરણ 3<br>તારીખ | ધોરણ 6<br>તારીખ | ધોરણ 9<br>તારીખ |
|---|---|---|---|
| મોક ટેસ્ટ 1 | 22/10/2024 | 25/10/2024 | 24/10/2024 |
| મોક ટેસ્ટ 2 | 22/11/2024 | 22/11/2024 | 22/11/2024 |
| મોક ટેસ્ટ 3 | 30/11/2024 | 30/11/2024 | 30/11/2024 |
| | પ્રશ્નોની સંખ્યા | | |
| | કુલ પ્રશ્નોની સંખ્યા : 45<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>પર્યાવરણ – 15 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 20<br>ગણિત – 20<br>પર્યાવરણ – 20 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>વિજ્ઞાન – 15<br>સામાજિક વિજ્ઞાન – 15 |
| અંદાજિત સમય | 90 મિનિટ | 120 મિનિટ | 120 મિનિટ |

આવક નંબર 1315
તારીખ [illegible]
શાખા
જિ.શિ.તા. ભવન, સુરત
મુ.કા./અધિક્ષક

Scanned with OKEN Scanner

અહી દર્શાવેલ સમય અને તારીખ મોક ટેસ્ટ માટે નમૂનારૂપ છે. અનિવાર્ય કારણોસર શાળા કસોટી સમય અને તારીખમાં ફેરફાર કરી શકશે. જો કોઈ વિદ્યાર્થી કસોટી માટે વધુ સમય લે તો તે આપી શકાશે. મોક ટેસ્ટનો ઉદ્દેશ વિદ્યાર્થી આ પ્રકારના પ્રશ્નોથી પરિચિત થાય તે છે. OMR અહી નમૂનારૂપ આપવામાં આવેલ છે. જે અંગે વિદ્યાર્થીઓને સમજ આપવાની રહેશે. આ કસોટી લખવા માટે અન્ય વ્યવસ્થા ન થાય તો એકમ કસોટીની નોટબુકમાં જવાબો લખાવવા. કસોટી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓના કસોટીપત્રો જે તે વિષય શિક્ષક ચકાશે અને વિદ્યાર્થીઓ દ્વારા જે ભૂલો થયેલ હોય તેનું નિદાન કરવું તેમજ વિદ્યાર્થીઓને આ પ્રકારના અન્ય પ્રશ્નોનો પણ મહાવરો કરાવવો. **પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024ના દિવસે યોજાનાર કસોટીમાં પ્રશ્નોની સંખ્યા અને કસોટીના સમયમાં ફેરફાર હોઈ શકે.**

ઉપરોક્ત તારીખે અને સમયે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફતે જે રીતે એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલી આપવામાં આવે છે તે રીતે મોક ટેસ્ટ પણ મોકલી આપવામાં આવશે. સાથે મળીને સહુ વિદ્યાર્થીઓને વધુમાં વધુ મહાવરો કરાવીએ.

આભાર સહ ...

(પી.કે.ત્રિવેદી)
સ્ટેટ લેવલ કો.ઓ.PARAKH,2024
નિયામક
જીસીઈઆરટી,ગાંધીનગર

નકલ રવાના :

- માન. અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર

Scanned with OKEN Scanner

सत्यमेव जयते

નિયામક

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

ક્રમાંક : જીસીઈઆરટી/ NAS- 2024/૨૦૨૪-૨૫/23911
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ :૧૭/૧૦/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ - તમામ

ગુજરાત રાજ્ય

**વિષય: પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ - 2024 (NAS- National Achievement Survey) મોક ટેસ્ટ આયોજન બાબત.**

શ્રીમાન,

પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024 ના રોજ ધોરણ 3,6 અને ધોરણ 9 માં પસંદ થનાર સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓમાં યોજવામાં આવનાર છે.

NAS(National Achievement Survey) એ રાષ્ટ્રીય કક્ષાએ યોજવામાં આવતો મોટા પાયાનો શૈક્ષણિક સિદ્ધિ સર્વે છે. આ સર્વે દ્વારા નિયત વર્ષે જુદા જુદા ધોરણોના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિ જાણવા માટે માહિતીનું એકત્રીકરણ કરવામાં આવે છે. MoE દ્વારા રાષ્ટ્રના પસંદગીના જિલ્લાઓની પસંદગીની સરકારી, ગ્રાન્ટ ઇન એઇડ, ખાનગી શાળા અને સેન્ટ્રલ શાળાઓના પસંદગીના ધોરણના વિદ્યાર્થીઓના વિષયોની શૈક્ષણિક સિદ્ધિ જાણવાનો સંશોધનાત્મક પ્રયાસ કરવામાં આવે છે.

આ સર્વેનો મૂળભૂત ઉદ્દેશ વિદ્યાર્થીઓની અધ્યયન ક્ષમતાઓના માધ્યમ દ્વારા વિદ્યાર્થીઓનો શૈક્ષણિક વિકાસ જાણી શિક્ષણના વિવિધ સ્તરે ઉપચારાત્મક કાર્ય (Remedial Teaching) હાથ ધરવાનો છે. આ સર્વેના માધ્યમથી જિલ્લા કક્ષા, રાજ્ય કક્ષા અને રાષ્ટ્ર કક્ષાના વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિના શૈક્ષણિક ફલિતાર્થ મળે છે. જેનો ઉપયોગ વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટેની નીતિ અથવા યોજના બનાવવા ખૂબ જ ઉપયોગી બને છે. જેથી તમામ સ્તરે શાળાઓને જરૂરી પ્રતિપોષણ આપી શકાય છે.

ધોરણ 3 માં ફાઉન્ડેશનલ સ્ટેજના માપન માટે ધોરણ 1 અને ધોરણ 2ની વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત તેમજ વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે. તે જ રીતે ધોરણ 6 માં પ્રિપેરેટરી સ્ટેજના માપન માટે ધોરણ 3 થી 5 વય કક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને વ્યવહારિકતા ચકાસતાં પ્રશ્નો પૂછવામાં આવશે. જ્યારે ધોરણ 9 માં મિડલ સ્ટેજનું માપન કરવા માટે

Scanned with OKEN Scanner

ધોરણ 6 થી 8ના વિદ્યાર્થીઓની વયકક્ષાને ધ્યાને લઈને સમજ આધારિત અને અને વ્યવહારિકતા ચકાસતા પ્રશ્નો પૂછવામાં આવશે.

4 ડિસેમ્બર, 2024માં યોજાનાર NASના કસોટીપત્રોનો મહાવરો મળી રહે તે હેતુસર અત્રેની કચેરી દ્વારા GCERT ની વેબસાઈટ પર પ્રશ્નબેંક મુકવામાં આવેલ છે તેમજ BISAGના પ્રસારણ માધ્યમથી વિવિધ પ્રશ્નોનો મહાવરો કરાવવામાં આવેલ છે. ઉપરાંત વધુ તૈયારી થઇ શકે તે માટે મોક ટેસ્ટનું આયોજન નીચેની વિગતે કરવામાં આવેલ છે. જેમાં વિષય અને ધોરણ મુજબ નીચે પ્રમાણે પ્રશ્નોની સંખ્યા રાખવામાં આવેલ છે.

| | ધોરણ 3 | ધોરણ 6 | ધોરણ 9 |
|---|---|---|---|
| મોક ટેસ્ટ 1 | તા. 22/10/2024 | તા. 25/10/2024 | તા. 24/10/2024 |
| મોક ટેસ્ટ 2 | તા. 22/11/2024 | તા. 22/11/2024 | તા. 22/11/2024 |
| મોક ટેસ્ટ 3 | તા. 30/11/2024 | તા. 30/11/2024 | તા. 30/11/2024 |
| | પ્રશ્નોની સંખ્યા | | |
| | કુલ પ્રશ્નોની સંખ્યા : 45<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>પર્યાવરણ – 15 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 20<br>ગણિત – 20<br>પર્યાવરણ – 20 | કુલ પ્રશ્નોની સંખ્યા : 60<br>ગુજરાતી – 15<br>ગણિત – 15<br>વિજ્ઞાન – 15<br>સામાજિક વિજ્ઞાન – 15 |
| અંદાજીત સમય | 90 મિનિટ | 120 મિનિટ | 120 મિનિટ |

અહી દર્શાવેલ સમય અને તારીખ મોક ટેસ્ટ માટે નમૂનારૂપ છે. અનિવાર્ય કારણોસર શાળા કસોટી સમય અને તારીખમાં ફેરફાર કરી શકશે. જો કોઈ વિદ્યાર્થી કસોટી માટે વધુ સમય લે તો તે આપી શકાશે. મોક ટેસ્ટનો ઉદ્દેશ વિદ્યાર્થી આ પ્રકારના પ્રશ્નોથી પરિચિત થાય તે છે. OMR અહી નમૂનારૂપ આપવામાં આવેલ છે. જે અંગે વિદ્યાર્થીઓને સમજ આપવાની રહેશે. આ કસોટી લખવા માટે અન્ય વ્યવસ્થા જો ન થઇ શકે તો એકમ કસોટીની નોટબુકમાં જવાબો લખાવવા. કસોટી પૂર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની એકમ કસોટીની બુકલેટ જે તે વિષય શિક્ષક ચકાશે અને વિદ્યાર્થીઓ દ્વારા જે ભૂલો થયેલ હોય તેનું નિદાન કરવું તેમજ વિદ્યાર્થીઓને આ પ્રકારના અન્ય પ્રશ્નોનો પણ મહાવરો કરાવવો. આમ વિવિધ પ્રકારનાં પ્રશ્નોનો વધુમાં વધુ મહાવરો થાય તે અપેક્ષિત છે.

પરખ – રાષ્ટ્રીય સર્વેક્ષણ 2024 (NAS- National Achievement Survey) 4 ડિસેમ્બર, 2024ના દિવસે યોજાનાર મુખ્ય કસોટીમાં અહી સૂચવેલ પ્રશ્નોની સંખ્યા અને કસોટીના સમયમાં ફેરફાર હોઈ શકે.

Scanned with OKEN Scanner

ઉપરોક્ત તારીખે અને સમયે, વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફતે જે રીતે એકમ કસોટીના પ્રશ્નપત્રો મોકલી આપવામાં આવે છે તે જ રીતે મોક ટેસ્ટ પણ મોકલી આપવામાં આવશે. સાથે મળીને સહુ વિદ્યાર્થીઓને વધુમાં વધુ મહાવરો કરાવીએ.

આભાર સહ ...

(પી.કે.ત્રિવેદી)
સ્ટેટ લેવલ કો.ઓ.
PARAKH,2024
નિયામક
જીસીઈઆરટી,ગાંધીનગર

નકલ રવાના :

- માન. અગ્ર સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક), શિક્ષણ વિભાગ, ગાંધીનગર
- માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા, ગાંધીનગર
- નિયામકશ્રી, શાળાઓની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- સચિવશ્રી, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- કન્વીનરશ્રી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ગાંધીનગર
- પ્રાચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ (જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા અને પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીના સંકલનમાં રહી મોક ટેસ્ટનું સુચારું આયોજન કરવા સારૂં)

Scanned with OKEN Scanner